**GJCU070036342023**

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| **પ્રાપ્તી તારીખ** | ૨૯/૧૧/૨૦૨૩ | | |
| **નોંધ્યા તારીખ** | ૨૯/૧૧/૨૦૨૩ | | |
| **ફેસલ તારીખ** | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૨** | **૦૭** | **૦૩** |

**ફોજદારી કેસ નં.૨૧૯૩/૨૦૨૩**

**આંક :**

# <u>મે.જ્યુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી, યુ.ડી.જાંબુની કોર્ટમાં</u>

# <u>બોડેલી</u>

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | | શ્રી સરકાર |
| | **વિ....રુ....ધ્ધ** | |
| **આરોપીઓ** | (૧) | કલ્પિતકુમાર અશ્વીનભાઈ રાઠવા, ઉ.વ. ૨૨<br>રહે. અલીખેરવા દિવાળી પાર્ક સોસાયટી, બોડેલી,<br>તા.બોડેલી, જી. છોટાઉદેપુર |
| | (૨) | લાલ સાહેબ સુખનાથ યાદવ, ઉ.વ. ૪૮<br>રહે.સમા બસ સ્ટેન્ડ પાસે, મકાન નં. ૫૫, નવીનગરી, વડોદરા<br>મુળ રહે. બોરીવલી, એકતાનગર, જય સંતોષી માતા જનરલ સ્ટોરની સામે, મુંબઈ |
| | (૩) | ભઈલાલભાઈ જયંતીભાઈ માળી, ઉ.વ. ૩૩<br>રહે. સમા બસ સ્ટેન્ડ પાસે, મકાન નં. ૫૫, નવીનગરી, વડોદરા |

(૪) કીરણભાઈ ધીરુભાઈ પટેલ, ઉ.વ. ૩૮
રહે. વાઘોડીયા એ/૩૮, અનંતા સોસાયટી, વડોદરા શહેર
મુળ રહે. આકૃદ, તા. ધનસુરા, જી. અરવલ્લી

(૫) કલ્પેશકુમાર રમણલાલ મહેતા, ઉ.વ. ૪૮
રહે. ૭૯, સોમનાથ સોસાયટી, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૬) જયદીપભાઈ રમેશભાઈ રાઠોડ, ઉ.વ. ૨૭
રહે. જનકલ્યાણ સોસાયટી બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૭) પિન્ટુભાઈ બચુભાઈ બારીયા, ઉ.વ. ૨૭
રહે. અલીખેરવા, પટેલ ફળીયા, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૮) અમરતભાઈ બંસીલાલ વૈષ્ણવ, ઉ.વ. ૪૦
રહે.અલીખેરવા દિવાળીબા પાર્ક સોસાયટી, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૯) વ્રતકુમાર રમેશભાઈ કોળી ઉ.વ. ૨૫
રહે.અલીખેરવા દિવાળીબા પાર્ક સોસાયટી, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર
મુળ રહે. કાશીપુરા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૧૦) નિતીનકુમાર ભાણાભાઈ ચૌહાણ ઉ.વ. ૪૦
રહે. જનકલ્યાણ સોસાયટી બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૧૧) ઝીણાભાઈ રવજીભાઈ પટેલ ઉ.વ. ૬૪
રહે. વ્રજનિધી સોસાયટી, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર
મુળ રહે. ૬૧ પંચદેવ સોસાયટી, બી/એચ લક્ષ્મી હોટલ પાસે, સનીયા, સુરત શહેર

**ગુન્હોઃ– ધી જુગાર ધારા કલમ–૧૨ મુજબ.**

**રજુઆત**

**ફરિયાદી તર્ફે :– વિધ્વાન વકીલ શ્રી, બી. એ. વસાવા**

**આરોપીઓ તર્ફે :– વિધ્વાન વકીલ શ્રી, જે. કે. અમીન**

## –::: ચુકાદો :::–

૧. **ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

આ કામના આરોપીઓ તા.૦૮/૦૮/૨૦૨૩ ના કલાક ૦૧ : ૧૫ થી ૦૨ : ૩૦ દરમ્યાન મોજે અલીખેરવા વિસ્તારના દિવાળીબા પાર્ક, સોસાયટીમા આવેલ ગણપતભાઈ મનસુખભાઈ રાઠવાના ઘર પાસે ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી, રેડ દરમ્યાન અંગ ઝડતીમાં રૂા.૫૦૦ ના દરની ચલણી નોટો નંગ–૬૩ કુલ રકમ રૂા.૩૧,૫૦૦/– તથા દાવ પરના રૂા.૫૦૦ ના દરની ચલણી નોટો નંગ–૮૩ કિંમત રૂા.૪૧,૫૦૦/– મળી કુલ રોકડ રૂપિયા ૭૩,૦૦૦/– મળી આવેલ તથા અંગ ઝડતી માંથી અલગ–અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ–૭ કિંમત રૂા.૧૭,૦૦૦/– તથા પાના પત્તા નંગ–૫૨ મળી કુલ રૂા.૯૦,૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા આરોપીઓ વિરુધ્ધ ધી ગુજરાત જુગારધારાની કલમ–૧૨ મુજબનો ગુન્હો કર્યા બાબતની ફરિયાદ બોડેલી પો.સ્ટેશને નોંધી લઈ પોલીસ તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીઓને સમન્સ બજતાં તેઓ તેમનાં વિ.વ.શ્રી સાથે કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ અનુક્રમે **આંક–૭ થી ૧૭** મુજબની પ્લી રેકર્ડ કરવામાં આવતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. આ કામે ફરિયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૧૯ સાહેદ – કાળીદાસભાઈ મથુરભાઈ ની જુબાની

(૨) આંક–૨૦ ફરીયાદી – હરેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ની જુબાની

(૩) આંક–૨૨ સાહેદ – વિજયભાઈ મનહરભાઈ ની જુબાની
(૪) આંક–૨૫ પંચ સાહેદ– અંકેશભાઈ નારણભાઈ ની જુબાની
(૫) આંક–૨૭ પંચ સાહેદ–મહેન્દ્રભાઈ બાબુભાઈની જુબાની
(૬) આંક–૩૬ સાહેદ – અશોકભાઈ બાબાભાઈની જુબાની
(૭) આંક–૩૯ ત.ક.અ.– સુરેશકુમાર નરવંતસિંહની જુબાની

## :: દસ્તાવેજી પુરાવો ::

(૧) આંક–૨૧ ફરિયાદ
(૨) આંક–૨૬ ગુનાવાળી જગ્યાનું પંચનામું

આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ. પ્રો. કો.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો રેકર્ડ ઉપર ન હોવાથી આરોપીનુ વધારાનુ નિવેદન નોંધેલ નથી. ત્યાર બાદ બંને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

**૪.** ઉપરોક્ત હકીકતે આ કામે મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## ::: મુદ્દાઓ :::

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮/૦૮/૨૦૨૩ ના ક. ૦૧ : ૧૫ થી ૦૨ : ૩૦ દરમ્યાન મોજે અલીખેરવા વિસ્તારના દિવાળીબા પાર્ક, સોસાયટીમા ગણપતભાઈ મનસુખભાઈ રાઠવાના ઘર પાસે ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી, રેડ દરમ્યાન અંગ ઝડતીમાં રૂા.૫૦૦ ના દરની ચલણી નોટો નંગ–૬૩ કુલ રકમ રૂા.૩૧,૫૦૦/– તથા દાવ પરના રૂા.૫૦૦ ના દરની ચલણી નોટો નંગ–૮૩ કિંમત રૂા.૪૧,૫૦૦/– મળી કુલ રોકડ રૂપિયા ૭૩,૦૦૦/– મળી આવેલ તથા અંગ ઝડતી માં

થી અલગ–અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ–૭ કિંમત રૂા.૧૭,૦૦૦/– તથા પાના પત્તા નંગ–૫૨ મળી કુલ રૂા.૯૦,૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ આરોપીઓએ ધી જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૫.** ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**૬.** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**::: કા ર ણો :::**

**મુદ્દા નં. ૧**

**૭.** ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત કલમો મુજબનો ગુનો પુરવાર કરવા માટે તપાસેલ ફરિયાદી અને અન્ય પોલીસ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતાં, ફરિયાદપક્ષે આંક–૨૦ થી ફરીયાદી–હરેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ, આંક –૧૯ થી સાહેદ–કાળીદાસભાઈ મથુરભાઈ, આંક–૨૨ થી સાહેદ–વિજયભાઈ મનહરભાઈ, આંક–૩૬ થી સાહેદ–અશોકભાઈ બાબાભાઈને તપાસેલ છે. આ સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા. ૦૮/૦૮/૨૦૨૩ ના રોજ તેઓ બોડેલી ટાઉનમા પેટ્રોલીગમા હતા તે દરમ્યાન પી.એસ.આઈ.શ્રીને બાતમી મળેલ કે, અલીખેરવા દિવાળીબા પાર્ક સોસાયટીમા ગણપતભાઈ મનસુખભાઈ રાઠવાના ઘર પાસે ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાક ઈસમો પાના પત્તા વડે હારજીતનો જુગાર રમી રમાડે છે, જે બાતમી આધારે પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચ અંકેશભાઈ નારણભાઈ તડવી તથા મહેન્દ્રભાઈ બાબુભાઈ તડવીને બોલાવી બાતમી હકીકતથી વાકેફ

કરી બાતમી વાળી જગ્યાએ જતા ખુલ્લી જગ્યામા કેટલાક ઈસમો ટોળુ વળી જુગાર રમતા હોય તેઓ પોલીસને જોઈ હાથમાના પત્તા નીચે ફેંકી જેમના તેમ નીચે બેસી રહેવા સમજ કરેલી, પકડાયેલ ઈસમોને પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતાના નામ ૧.કલ્પીકુમાર અશ્વિનભાઈ રાઠવા હોવાનુ જણાવેલુ તેમની અંગ ઝડતી માંથી રૂા.૨૫૦૦/– રોકડા મળી આવેલા તથા સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલો, ૨. લાલ સાહેબ સુખનાથ યાદવ જણાવેલુ તેમની અંગ ઝડતી માંથી રૂા.૪,૦૦૦/– રોકડા તથા મોટોરોલા કંપનીનો સાદો ફોન મળી આવેલો, ૩.ભયલાલભાઈ જયંતીભાઈ બારીયા ની અંગ ઝડતી માંથી રૂા. ૩૦૦૦/– રોકડા તથા વિવો કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલો, ૪. કીરણભાઈ ધીરુભાઈ પટેલ ની અંગ ઝડતી માંથી રૂા.૨,૦૦૦/– રોકડા તથા સેમસંગ કંપનીનો એક મોબાઈલ ફોન મળી આવેલો, ૫. કલ્પેશભાઈ રમણલાલ મહેતા ની અંગ ઝડતી માંથી રોકડા રૂા. ૩,૦૦૦/– મળી આવેલા, ૬. જયદીપભાઈ રમેશભાઈ રાઠવા ની અંગ ઝડતી માંથી રોકડા રૂા.૨,૦૦૦/– તથા સેમસંગ નો મોબાઈલ ફોન મળી આવેલો, ૭. પીન્ટુભાઈ બચુભાઈ બારીયા ની અંગ ઝડતી માંથી રોકડા રૂા.૩,૦૦૦/– તથા સેમસંગ કંપનીનો મોબાઈલ મળી આવેલો, ૮.અમૃતભાઈ બંશીલાલ વૈષ્ણવ ની અંગ ઝડતી માંથી રોકડા રૂા. ૨,૦૦૦/– મળી આવેલા, ૯.વ્રતકુમાર રમેશભાઈ કોળી ની અંગ ઝડતી માંથી રોકડા રૂા. ૩,૦૦૦/– તથા વીવો કંપનીનો મોબાઈલ મળી આવેલો, ૧૦. નીતીનકુમાર ભાણાભાઈ ચૌહાણ ની અંગ ઝડતી માંથી રોકડા રૂા.૪,૦૦૦/– તથા વીવો કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલો તથા ૧૧.ઝીણાભાઈ રવજીભાઈ પટેલ ની અંગ ઝડતીમાંથી રોકડા રૂા.૩,૦૦૦/– મળી આવેલા. આમ, દાવ પરના રોકડા રૂા. ૪૧,૫૦૦/–, રમવા બેસેલ જગ્યા પરના પાના નંગ–૫૨ તથા અંગ ઝડતીના રૂા. ૩૧,૫૦૦/– મળી કુલ કિંમત રૂા. ૭૩,૦૦૦/– રોકડાના મુદ્દામાલ તથા મોબાઈલ નંગ–૭ કિંમત રૂા. ૧૭,૦૦૦/– મળી કુલ રૂા. ૯૦,૦૦૦/– ના મુદ્દામાલ મળી આવતા

ફરિયાદીએ તે બાબતે બોડેલી પો.સ્ટેશનમાં ફરિયાદ આપેલ. જે ફરિયાદમા પોતાની સહી ઓળખી બતાવી ફરિયાદ આંક–૨૧ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેમજ આ બાબતનુ પંચનામુ પી.એસ.આઈ.શ્રી, એસ.એન. બારીયાએ તપાસ અર્થે કરેલ. સાહેદોએ આરોપીઓને જોયેથી ઓળખી શકે તેમ જણાવેલુ છે. તેમજ તપાસ કરનારે ફરિયાદની હકીકતોને સમર્થન કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે.

ફરીયાદી તથા સાહેદોએ આરોપીઓ તરફેની ઉલટ તપાસ દરમ્યાન સ્વીકાર કરેલો છે કે, આરોપીઓ કયો ખેલ રમતા હતા તે તેઓ કહી શકે નહી કારણ કે, તેઓ પહોંચ્યા ત્યારે પોલીસને જોઈને બધા ભાગવા લાગેલા, પંચોને સમજ આપી કોઈ પ્રાથમીક પંચનામુ તેમની રૂબરૂમા કરવામાં આવેલુ નથી, બનાવવાળી જગ્યા જાહેર અવર જવર વાળો વિસ્તાર છે, બનાવમાં વપરાયેલ પત્તા કયા કલરના હતા તથા કઈ કંપનીના હતા તે તેઓ કહી શકે નહી. તે સિવાયની અન્ય વિગતોનો ઈન્કાર કરેલો છે.

તપાસ કરનાર અમલદારે આરોપી તરફેની ઉલટ તપાસમા સ્વીકાર કરેલો છે કે, બનાવવાળી જગ્યાએ ૨૦૦ થી ૩૦૦ મકાનો આવેલા છે, હાલના કામે પોલીસ અને પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. તે સિવાયની અન્ય વિગતોનો ઈન્કાર કરેલો છે.

૮. આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ મહત્વના પંચ સાહેદ અંકેશભાઈ નારણભાઈ તડવીને આંક–૨૫ થી તથા પંચ–મહેન્દ્રભાઈ બાબુભાઈ તડવીને આંક–૨૭ થી તપાસેલા છે. તેઓ બંને આ કામે કરવામાં આવેલ રેઈડ તેમજ મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચો છે, સદર પંચ સાહેદોની જુબાની દરમ્યાન તેઓએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી સદર પંચનામુ **આંક–૨૬** થી પુરાવામાં રજુ રાખેલ છે. સદર પંચો ફરીયાદપક્ષના

કેસને સમર્થન થાય તેવી કોઈ મહત્વની અન્ય હકિકત જણાવતા ન હોય ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકિકત જણાવેલ નથી. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચ સાહેદોએ સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળ મા સહી કરેલી તે સિવાય તેઓને બીજી કોઈ જાત માહીતી નથી.

૯. આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે મહત્વનાં પંચ સાહેદોએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી અને તેમના પુરાવાથી મુદ્દામાલ રીકવરી તેમજ આરોપીઓની અટક પુરવાર થયેલ નથી. તપાસ કરનારે તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી. આરોપીઓ પૈસા પાના વડે હાર–જીતનો જુગાર રમતા હોવાનું કે તેઓ પાસેથી મુદ્દામાલ રીકવરી જયારે પુરવાર થયેલ નથી, તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મેળવવામાં આવેલ નથી, જેથી ફરિયાદ પક્ષનાં કેસમાં વ્યાજબી શંકા ઉભી થાય છે, અને તે સંજોગોમાં માત્ર પોલીસ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધ ગુન્હો પુરવાર માની શકાય નહિ.

ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાતો મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુન્હો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદી પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરિયાદ પક્ષમાં રહેલ તે વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં જાય છે.

આમ, ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં મુદ્દા નં.૧ નો નિર્ણય **"નકારમાં"** આપવામાં આવે છે. તેમજ ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિઃશંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::: હુ ક મ :::**

(૧) આ કામના તહોમતદારો નં.**૧.** કલ્પિતકુમાર અશ્વીનભાઈ રાઠવા, **૨.** લાલ સાહેબ સુખનાથ યાદવ, **૩.** ભઈલાલભાઈ જયંતીભાઈ માળી, **૪.** કીરણભાઈ ધીરુભાઈ પટેલ, **૫.** કલ્પેશકુમાર રમણલાલ મહેતા, **૬.** જયદીપભાઈ રમેશભાઈ રાઠોડ, **૭.** પિન્ટુભાઈ બચુભાઈ બારીયા, **૮.** અમરતભાઈ બંસીલાલ વૈષ્ણવ, **૯.** વ્રતકુમાર રમેશભાઈ કોળી, **૧૦.** નિતીનકુમાર ભાણાભાઈ ચૌહાણ, **૧૧.** ઝીણાભાઈ રવજીભાઈ પટેલ નાઓને ક્રિ.પ્રો.કો. કલમ–૨૫૫(૧) અન્વયે ધી જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી **"નિર્દોષ"** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સદર કામે કબજે લીધેલ મુદ્દામાલ મોબાઈલો અન્વયે અગાઉ જો વચગાળાનો હુકમ કરી પરત કરેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને તેમાં જણાવેલ શરતો રદ કરવામાં આવે છે, અને જો અગાઉ વચગાળાનો હુકમ થયેલ ન હોય અથવા મુદ્દામાલ અરજી નામંજુર કરેલ હોય તો સદર મોબાઈલો જરૂરી ખરાઈ કરી તેના માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે કબજે થયેલ અન્ય બિનકિંમતી મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) હેઠળ આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૨ જી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તા.૦૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : હિંમતનગર,**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**જ્યુ. મેજિસ્ટ્રેટ ફ.ક., બોડેલી**
**જજ કોડ નં.જી.જે.૦૧૪૬૩**

*//ARIF//*